GUJARAT LAW SOCIETY
GLS
ESTD. 1927
Learn - Love - Serve

ગુજરાત લો સોસાયટી સંચાલિત

## સિટી સી. યુ. શાહ કોમર્સ કોલેજ

NAAC ACRE 'B' GRADE 2.43 CGPA



# અભિવ્યક્તિ

૨૦૨૨-૨૦૨૩

# અભિવ્યક્તિ

## ૨૦૨૨ - ૨૦૨૩

આચાર્યશ્રી (ડૉ.) એસ. કે. ત્રિવેદી

**:: સંપાદકો ::**

ડૉ. પુલીન કે. ભટ્ટ ● પ્રો. ક્ષિતીબેન ભટ્ટ

ડૉ. બીના એલ. શુકલ


**સિટી સી. યુ. શાહ કોમર્સ કોલેજ**

**(NAAC Accredited ‘B’ Grade, 2.43 CGPA)**

લાલદરવાજા, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

ફોન : ૦૭૯ - ૨૫૫૦૬૯૩૪ ફેક્સ : ૦૭૯ - ૨૫૫૦ ૬૯૩૦

**ઈ-મેઈલ : citycomcollege@rediffmail.com**

**વેબસાઈટ : www.citycomcollege.org**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | નામ | પાના નંબર |
|---|---|---|---|
| ૧. | સંપાદકીય | | ૧૦ |
| ૨. | આંતર સરવાણી | પ્રિ. ડો. એસ. કે. ત્રિવેદી | ૧૧ |
| ૩. | એન. સી. સી. | ડો. એ. જે. પરમાર | ૧૨ |
| ૪. | વિવિધ દિવસોની ઉજવણી | ડો. એ. જે. પરમાર | ૧૨ |
| ૫. | વિશ્વ યોગ દિવસની ઉજવણી | ડો. એ. જે. પરમાર | ૧૩ |
| ૬. | રમત ગમત નો અહેવાલ | ડો. એ. જે. પરમાર | ૧૪ |
| ૭. | સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા | ડો. એ. જે. પરમાર | ૧૪ |
| ૮. | સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | ડો. દીપાબેન ટાંક, પ્રો. તૃપ્તિ ઠાકોર | ૧૫ |
| ૯. | ગ્રંથાલય અહેવાલ | ડો. એમ. એચ. મૈસુરિયા | ૧૮ |
| ૧૦. | રાષ્ટ્રીય સેવા યોજના | ડો. એમ. એસ. વસાવા | ૨૦ |
| ૧૧. | College Women's Development Cell | Prof. Kshiti Bhatt & Dr. Deepa Tank | ૨૨ |
| ૧૨. | જી. એલ. એસ. વોઈસ | ડો. દીપા ટાંક, ડો. પુલિન ભટ્ટ | ૨૩ |
| ૧૩. | Placement Cell and Udisha | Dr. K. B. Gelda | ૨૩ |
| ૧૪. | યુથ એમ્પાવરમેન્ટ કમિટી | ડો. પી. કે. ભટ્ટ, ડો. અલ્પા ઠાકર, ડો. કે. બી. ગેલડા | ૨૪ |
| ૧૫. | પ્રિ. ટી. જે. રાણા ઓપન બૂક કોમ્પીટીશન | પ્રો. ડો. અલ્પા ઠાકર, પ્રો. ડો. ગાર્ગી પટેલ | ૨૪ |
| ૧૬. | કોમર્સ આઈડોલ કોમ્પીટીશન | પ્રો. ડો. અલ્પા ઠાકર, પ્રો. ડો. ગાર્ગી પટેલ | ૨૫ |

# માં સરસ્વતી વંદના



હે માં, મારા અંતરમનમાં ઘોર અંધકાર વ્યાપેલો છે અને અજ્ઞાન અને જડતાથી વ્યાપ્ત આ અંતઃતમસમાં હે જ્યોતિર્મયી આપણું અવતરણ હો. મારી અંદર વ્યાપેલા આ ઘોર અંધકારને મિટાવી દો.

હે માં, હું તારું આહ્વાન કરું છું. પરંતુ મારું મન દેવોનાં નંદનવન જેવું સુંદર અને સૌરભવન્તુ નથી કે નથી મારા મનોપ્રદેશમાં મલયાચલનાં સુગંધિત ચંદનની શીતળતા. મારું માં તો ઉજ્જડ મરુભૂમિ જેવું છે. હે કરુણામયી! મારા આ શુષ્ક મનોપ્રદેશમાં આપનું અવતરણ હો. હે માં સરસ્વતી! મારામાં કોઈ સુંદર કહી શકાય એવું કોઈ તત્ત્વ નથી. મારું હૃદય તો ઘોર કાજળ કરતા પણ અધિક કાળું છે. માં! તું સત્યમ શિવમ અને સુન્દરમનું પ્રદાન કરવા વાળી છે. મારા આવા મ્લાન મનોપ્રદેશમાં હે મમતામયી તારું અવતરણ હો.

હે બ્રહ્મા વિષ્ણુ અને મહેશ વડે આરાધીતા! મને ઉત્તમ વિદ્યાદાન આપો અને મારામાં રહેલી જડતાને નિર્મૂળ કરી મનો જ્ઞાનના ઓજસના દર્શન કરાવો.

## GUJARAT LAW SOCIETY

| No. | Institutions Managed by GLS | Year of Starting | Course |
|---|---|---|---|
| 1. | Sir L A Shah Law College | 1927 | LL.B. & LL.M. |
| 2. | H A College of Commerce | 1956 | B.Com., M.Com., |
| 3. | B D Arts College | 1956 | Arts |
| 4. | I M Nanavati Law College | 1958 | LLB & LLM |
| 5. | Smt Laxmiben & Chimanlal Mehta Arts College | 1953 | Arts |
| 6. | C U Shah Arts College | 1960 | Arts |
| 7. | Maneklal Nanavati Law College | 1961 | LLB |
| 8. | City C U Shah Commerce College | 1961 | B.Com., M.Com. |
| 9. | M N Law DTP/DLP Classes | 1962 | DTP-DLP |
| 10. | Mahendra Kanailalal Sec & Higher Sec School | 1963 | Std. 9 to 12 (Eng Med) |
| 11. | C U Shah Primary School | 1963 | Arts Std. 1 to 8 (Eng Med) |
| 12. | Smt Sadguna C U Arts College for Girls | 1966 | Arts |
| 16. | Navnitlal Ranchhodbhai Primary School | 1981 | Std. 1 to 8 (Eng Med) |
| 18. | Navnitlal Ranchhodbhai Sec School | 1997 | Std. 9 to 10 (Eng Med) |
| 19 | Navnitlal Ranchhodbhai Sec School | 1997 | Std. 11 & 12 (Eng Med) |
| 20. | K N Primary School | 1999 | Std. 1 to 8 (Eng Med) |
| 21. | GLS-Smitaben S Parikh Sec & Higher Sec School | 1999 | Std. 9 to 12 (Eng Med) |
| 23. | GLS Centre for Professional Studies | 2009 | Professional Courses. |
| 24. | N R Institute of Business Management - PGDM | 1998 | PGDM |
| 25. | PG Diploma In Law - LAS | | Diploma in IPR |
| 26. | GLS Law College | 2015 | Integrated Law |
| 27. | Harilal Harivallabhdas Trust (GLS) Auditorium | | |

## G L S UNIVERSITY

| | | | |
|---|---|---|---|
| 1. | N.R. Institute of Business Administration | 1997 | BBA |
| 2. | N.R. Institute of Business Management | 1998 | MBA |
| 3. | S M Patel Institute of Commerce | 1999 | B.Com |
| 4. | GLS (J P Sha) I.B.A. | 1999 | BBA |
| 5. | GLS (Smt. Induben & Ratilal K Desai) Inst. of Computer Application | 1999 | BCA |
| 6. | GLS (Shailesh R Parikh) Institute of Computer Technology | 1999 | MCA & MBA |
| 7. | GLS Institute of Teachers Education | 2003 | B.Ed. |
| 8. | GLS (Smt. M R Parikh) Institute of Commerce | 2005 | B.Com |
| 9. | GLS M.Sc. IT | 2015 | B.Sc. IT & M.Sc. IT |
| 10. | GLS School of Management. | 2015 | 5yrs MBA |
| 11. | GLS Centre for Research & Development. | 2014 | Research |
| 12. | GLS School of Doctoral Research & Innovations | 2015 | Ph.D. |
| 13. | GLS Centre for Management Excellence | 2003 | Mgt. HRM Banking etc. |
| 14. | GLS Institute of Design | 2016 | B.Design & M.Design |
| 15. | S M Patel Institute of Commerce - PG Centre | | |
| 16. | GLS (Smt. M R Parikh) Institute of Commerce-PG Centre | | |
| 17. | GLS University | | |

## MISSION OF THE COLLEGE

“To Expand the frontiers of knowledge and promote its dissemination through constant innovations and reforms in teaching and learning methods, seamlessly available to the whole community from among whom innovators and leaders will emerge.”

## સંસ્થાનું ધ્યેય

સમાજના કેળવણીલક્ષી વિકાસ અર્થે વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી વિદ્યાર્થીને શ્રેષ્ઠ અને ગુણવત્તાસભર કેળવણી પૂરી પાડશે, સુધારાત્મક વલણો પ્રસ્થાપિત કરી સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેશે. સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને વ્યવસાયલક્ષી સૂઝ અને તાલીમ પૂરા પાડશે.

## VISION OF THE COLLEGE

“The college shall provide higher quality learner - centric education, strive towards continuous development by taking innovative steps, and provide professional capabilities and training to all and work towards development of knowledge society”

## સંસ્થાનું લક્ષ્યાંક

જે વિદ્યાર્થી જગતમાંથી સમાજને ભવિષ્યનું ઉમદા નેતૃત્વ અને સંશોધક પ્રતિભાઓ સંપન્ન થવાની છે તેવા વિદ્યાર્થીઓને જે પ્રવર્તમાન શિક્ષણ પદ્ધતિ, અધ્યાપન અને તાલીમ ઉપલબ્ધ છે તેમાં નવા નવા મૂલ્યો, સુધારાઓ અને સંશોધન આણી તેમના જ્ઞાનની ક્ષિતિજો અને ક્ષેત્રોનું વિસ્તરણ કરી શકશે.

# કોલેજ પરિવાર

## એકાઉન્ટન્સી અને કોમર્સ

૧. પ્રિ. (ડૉ) એસ.કે ત્રિવેદી (આચાર્યશ્રી)
૨. પ્રા. (ડૉ) પી. ટી. જરીવાલા
૩. પ્રા. એમ. એસ. વસાવા
૪. પ્રા. (ડૉ) એચ. એમ. જોશી
૫. પ્રા. (ડૉ) અલ્પા એ. ઠાકર
૬. પ્રા. (ડૉ) કે. બી. ગેલડા
૭. પ્રા. (ડૉ) એસ. વી. બ્રહ્મભટ્ટ
૮. પ્રા. (ડૉ) ગાર્ગી પટેલ

## આંકડાશાસ્ત્ર

૧. પ્રા. (ડૉ) એમ.એચ. મૈસુરીયા
૨. પ્રા. (ડૉ) એન. વી. પંચાલ

## અર્થશાસ્ત્ર

૧. પ્રા. (ડૉ) દીપા ટાંક
૨. પ્રા. (ડૉ) એમ. એમ. પટેલ

## અંગ્રેજી

૧. પ્રા. (ડૉ) બીના શુકલ
૨. પ્રા. (ડૉ) પી. કે. ભટ્ટ
૩. પ્રા. ક્ષિતિ ભટ્ટ

## બીઝનેસ લૉ

૧. પ્રા. એ. એમ. કોટક (પાર્ટ ટાઈમ)

## શારીરિક શિક્ષણ

૧. પ્રા. (ડૉ) એ. જે. પરમાર

## લાયબ્રેરી

૧. શ્રી જી. એસ. ચૌહાણ

## વહીવટી સ્ટાફ

૧. શ્રી નિલેષ વોરા (ઓ.એસ)
૨. શ્રી કેતન શુકલા (સી.કલાર્ક)
૩. શ્રી ઈશ્વરભાઈ દેસાઈ
૪. કુ. બીટુ રાવલ

## સેવક ગણ

૧. શ્રી ભરત જે. પરદેશી
૨. શ્રી માનજી કે. પટેલ
૩. શ્રી ધીમંત એન. પટેલ
૪. શ્રી મોતીસિંહ ગઢવી
૫. શ્રી દિલીપસિંહ ડી. ઝાલા (ચોકીદાર)

# LIST OF COMMITTEES

| | | |
|---|---|---|
| **EXAM COMMITTEE** | **SPORTS COMMITTEE** | **STUDENTS DISCIPLINE COM.** |
| Prof M H Maisuria | Prof A J Parmar | Prof A J Parmar |
| Prof A J Parmar | Prof N V Panchal | Prof S V Brahmbhatt |
| Prof B L Shukla | Prof M M Patel | Prof G P Patel |
| **BOOK BANK & LIBRARY COM.** | **INTERNAL QUALITY ASSURANCE CELL (IQAC)** | **CULTURAL & YOUTH FESTIVAL COMMITTEE** |
| Prof M H Maisuria | Prof B L Shukla | Prof Deepa Tank |
| Prof M M Patel | Prof M H Maisuria | Prof Sandip Brahmbhatt |
| Sh Ganpatbhai Chauhan | Prof A A Thaker | Prof G P Patel |
| | Prof K B Gelda | Prof N V Panchal |
| | | Prof M M Patel |
| **TIME-TABLE COMMITTEE** | **ALUMNI & PARENTS ASSO.** | **COLLEGIATE WOMEN'S DEVELOPMENT COMMITTEE** |
| Prof A J Parmar | Prof M S Vasava | Prof Kshitiben Bhatt |
| Prof M H Maisuria | Prof M H Maisuria | Prof G P Patel |
| Prof A A Thaker | Prof A J Parmar | Prof D S Tank |
| **DELL & AUDIO-VISUAL** | **MAGAZINE & GLS VOICE COMMITTEE** | **RESEARCH & EXTENSION ACTIVITY COMMITTEE** |
| Prof B L Shukla | Prof Pulin K Bhatt | Prof M H Maisuria |
| Prof Pulin Bhatt | Prof Kshitiben Bhatt | Prof Kalpesh Gelda |
| | Prof Bina L Shukla | Prof N V Panchal |
| **COLL BLDG CLEANLINESS & HEALTH COMMITTEE** | **STUDENTS SUGGESTION BOX COMMITTEE** | **YOUTH EMPOWERMENT PLACEMENT COMMITTEE** |
| Prof M S Vasava | Prof A J Parmar | Prof Kalpesh Gelda |
| Prof M M Patel | Prof A A Thaker | Prof Pulin Bhatt |
| Prof Pulin Bhatt | | Prof N V Panchal |
| **NSS/NCC COMMITTEE** | **RECORD COMMITTEE (GR and Extra Activities)** | |
| Prof M S Vasava | Prof D S Tank | |
| Prof A J Parmar | Prof N V Panchal | |
| Prof Sandip Brahmbhatt | | |
| Prof M M Patel | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

# સંપાદકીય

ગુજરાત લો સોસાયટી, અમદાવાદ, સંચાલિત સિટી સી. યુ. શાહ કોમર્સ કોલેજ તેની વર્ષ દરમ્યાનની શિક્ષણેતર પ્રવૃત્તિઓનું રસપાન કરાવતો "અભિવ્યક્તિ" નો વર્ષ ૨૦૨૨ - ૨૦૨૩ નો આ અંક આપનાં કરકમળમાં મૂકતા આનંદ અને હર્ષની લાગણી અનુભવે છે. સન ૧૯૨૭માં ભારતના લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના વરદ હસ્તે સ્થાપના સાથે સમાજને એક નવી, પ્રગતિશીલ દિશા તરફ લઈ જવાના દ્રઢ મનસુબા સાથે સ્થપાયેલ ગુજરાત લો સોસાયટી આજે યુનિવર્સિટી બનતા પોતાની ૩૦ કરતા વધારે શાખાઓ પ્રસારીને આજે માત્ર અમદાવાદની જ નહી, સમગ્ર ગુજરાતની એક આગવી શૈક્ષણિક સંસ્થારૂપી વટવૃક્ષ બની ગઈ છે. જ્યારે આ વિશાળ વટવૃક્ષની હરિયાળી અને સૌરભવંતી શાખાઓમાંની એક એટલે શહેરના લેન્ડમાર્ક સમા લાલ દરવાજા વિસ્તારમાં આવેલી સિટી સી. યુ. શાહ કોમર્સ કોલેજ કે જે આ જ્ઞાનયજ્ઞમાં ૧૯૬૬ થી પોતાનું યોગદાન આપી રહેલ છે.

શિક્ષણનું મુખ્ય ધ્યેય અંતે શું છે ? આ પ્રશ્નનો જવાબ શોધવા શિક્ષણવિદો પણ અનંત સમયથી મથી રહ્યા છે. તેનું ધ્યેય કંઈક અંશે વિદ્યીર્થીઓને કેન્દ્રસ્થાને રાખી, તેના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેવાનો છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં શિક્ષણેતર પ્રવૃત્તિઓ જેવી કે લેખન પ્રવૃત્તિ, સાસંકૃતિક અને રમત-ગમત, વગેરે મહત્વનો ભાગ ભજવે છે. શિક્ષણનો હેતુ વિદ્યાર્થીઓમાં રહેલ આંતરિક શક્તિઓને બહાર લાવી, તેઓને અભ્યાસ દ્વારા વાસ્તવિક જીવન સાથે જોડી રાખી, તેમનો વિકાસ થાય અને સાચા અર્થમાં ઘડતર થાય તેવા પ્રયત્નો કરવાનો છે, અને વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શક્તિઓ વિકસે એ "અભિવ્યક્તિ" નો એક નમ્ર પ્રયાસ છે.

વાણિજ્ય વિદ્યાના જ્ઞાનની સતત રીતે સરવાણી કરતી આ કોલેજ જુના શહેરની કદાચ પ્રથમ નંબરની વાણિજ્ય કોલેજ છે જેનું લક્ષ્યાંક સમાજનાં કેળવણીલક્ષી વિકાસ અર્થે વિદ્યાર્થીઓને કેન્દ્ર સ્થાને રાખી શ્રેષ્ઠ અને ગુણવત્તાસભર કેળવણી પૂરી પાડવાનુ છે. અહીં કોલેજમાં, અભ્યાક્રમની સાથે સાથે વાણિજ્ય ક્ષેત્રે થઈ રહેલા સતત અને ઝડપી ટેકનોલોજીકલ સુધારાઓ અને ફેરફારો પ્રમાણે વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી સૂઝ અને તાલીમ પૂરા પાડવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતાના વિચારો યાગ્ય રીતે અભિવ્યક્ત કરી શકે અને તેમનામાં રહેલા આંતરિક વ્યક્તિગત ગુણોને વિકસાવવાની તક મળી રહે તે માટે કોલેજ દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવે છે. પ્રસ્તુત અંકમાં અભ્યાસેત્તર તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીના જ્ઞાનમાં સતત વધારો થાય તેવા પ્રયત્નો સંસ્થા કરી રહી છે જે વર્ષ દરમ્યાનની તમામ પ્રવૃત્તિઓની ઝલક દ્વારા અત્રે પ્રસ્તુત છે.

સંપાદકો આ તબક્કે આ મેગેઝીનના કાર્યમાં સહભાગી બનેલ તેમજ સહકાર આપેલ તમામનો ખુબ ખુબ આભાર માને છે. તેમજ કોલેજની તમામ પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લઈ, રસપૂર્વક જરૂરી સલાહ સુચન આપનાર આચાર્યશ્રી ડો. એસ. કે. ત્રિવેદી સાહેબના આ તબક્કે વિશેષ આભાર માને છે. તમારા અમૂલ્ય સૂચનો આવનારા અંકોને વધુ સુંદર અને ઉપયોગી બનાવશે, તો અવશ્ય આપશો.

# આંતર સરવાણી

**પ્રિ. ડો. એસ. કે. ત્રિવેદી**

કોલેજ પરિવારનો વાર્ષિક અંક 'અભિવ્યક્તિ' તમારા હાથમાં મુકતા અમારો સમગ્ર કોલેજ પરિવાર આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. કોઈ પણ સંસ્થાનો વાર્ષિક અંક એ જે તે સંસ્થા પરિવારે વર્ષ દરમ્યાન કરેલ સહિયારા પ્રયાસો અને સિદ્ધિઓને વાચા આપતું ખૂબ જ મહત્ત્વનું માધ્યમ છે.

વિદ્યાર્થીઓને યોગ્ય શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડી ઉત્કૃષ્ટ કેળવણી આપવા અમે કટિબદ્ધ છીએ અને એવું સમજીએ છીએ કે મનુષ્યમાં પ્રથમથી જ રહેલી પૂર્ણતાનું પ્રગટીકરણ એટલે કેળવણી. શિક્ષણ દ્વારા જ વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય છે. વિદ્યાર્થીઓ અહી પોતાની જાત પરનું 'આવરણ ખસેડે છે' અને અનંત જ્ઞાનભંડારને માર્ગે વળે છે. અને અને આવા વિકાસની તકો પૂરી પાડવા કોલેજ સદા તત્પર રહે છે. કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માટે કોલેજનું વાતાવરણ અને કોલેજની વિવિધ શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક પ્રવૃત્તિઓનું વિશેષ મૂલ્ય છે. માત્ર અભ્યાસ નહિ પરંતુ સર્વાંગી વિકાસનો રાખીને કોલેજમાં આ તમામ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

અમારા આ વાર્ષિકાંકનો અભિગમ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને સ્વતંત્ર રીતે વિચારવાનો અને સર્જનાત્મક લેખન માટે પ્રોત્સાહિત કરવાનો છે. વિદ્યાર્થીઓમાં પડેલી વિવિધ સુષુપ્ત શક્તિઓનું નિયમન કરવામાં આવે તો એ એક જબરી આત્મિક તાકાતમાં રૂપાંતરિત થઈ જશે. સમગ્ર કેળવણી કે શિક્ષણનો આદર્શ, મનુષ્યને સાચો મનુષ્ય બનાવવાનો છે. આ કાર્ય અધ્યાપક કરે છે. વિદ્યાર્થીઓને યોગ્ય દિશાસૂચન કરે છે ને એટલે જ અધ્યાપકોને સંસ્કૃતિનાં સર્જક તરીકે પણ નવાજવામાં આવેલ છે.

મને જણાવતા ગર્વની લાગણી થાય છે કે શહેર વિસ્તારની કોલેજોમાં અમારી કોલેજે એક મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરેલ છે. અહીં વિદ્યાર્થીઓને ખંત અને નિષ્ઠાતી અધ્યયન કાર્યમાં ગૂંથાઈ જાય છે તો અધ્યાપકો પોતાની વિદ્વતા અને અધ્યાપન કાર્યની નિપુણતા દ્વારા શિક્ષણકાર્યમાં દિવાદાંડી સમાન બની વિદ્યાર્થીઓનું સાચું માર્ગદર્શન કરે છે. આ જ આશયથી ૧૯૬૬ થી સિટી સી. યુ. શાહ કોમર્સ કોલેજ, વિદ્યાર્થી ગડતરની વિશેષ જવાબદારી સફળતાપૂર્વક નિભાવે છે અને આથી જ તો શહેર વિસ્તારની કોલેજોની તુલનામાં અમારી કોલેજ સદા અગ્રેસર છે.

વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓ, અધ્યાપકમિત્રો અને વહીવટી સ્ટાફના સહિયારા પ્રયત્નોથી કોવિદ - ૧૯ નાં ભય હેઠળ હોવા છતાં અનેકવિધ પ્રવૃત્તિઓ અમે સફળતાપૂર્વક પાર પાડી શક્યા છીએ. આ ઉપરાંત અન્ય અભ્યાસેતર પ્રવૃત્તિઓ ક્ષેત્રે ૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે તેમજ સ્વર્ણિમ ગુજરાતની અલગ-અલગ ધારાઓમાં આંતર કોલેજ તેમજ કોલેજ કક્ષાએ નોંધપાત્ર ફાળો આપેલ છે. આ ઉપરાંત કારકિર્દી માર્ગદર્શન તેમજ રોજગારીની તકો પણ વિદ્યાર્થીઓને મળી રહે તેવા પ્રયાસો કોલેજ દ્વારા સતત કરવામાં આવે છે. બહેનોની સુરક્ષા માટેનો સેલ પણ કાર્યરત છે જે સુરક્ષા સાથે સાથે બહેનોને પગભર કરવાના યોગ્ય પ્રયત્નો પણ કરે છે.

કોલેજ મેગેઝીન એ કોલેજે વર્ષ દરમ્યાન કરેલ પ્રવૃત્તિઓનો ચિતાર છે. અધ્યાપકો અને વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ છે. અમારી વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ જેને હું આપની સમક્ષ મુકતા આનંદની લાગણી અનુભવું છું. કયાંય કોઈ ખામી રહી ગઈ હોય તો ધ્યાન પર લાવશો તો અવશ્ય ગમશે.

## એન. સી. સી.

**ડૉ. એ. જે. પરમાર**

વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં અભ્યાસ કરતાં બી.કોમ. સેમેસ્ટર-૧ના વિદ્યાર્થી ભાઈ બહેનોને એન. સી. સી. ની ત્રણે પાંખ (૧) આર્મી (૨) નેવી (૩) એર ફોર્સ વિષે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. ચાલુ વર્ષે આપણી કોલેજનાં ૧૬ થી પણ વધારે વિદ્યાર્થીઓ એન.સી.સી. માં જોડાયેલ છે. જે અંતગર્ત એન.સી.સી.નાં કેમ્પનાં ફોર્મમાં કોલેજ તરફથી સહી સિક્કા કરી આપવામાં આવેલ છે.

આપણાં કેડેટોએ વર્ષ દરમ્યાન એન.સી.સી. વિવિધ કેમ્પમાં પણ ભાગ લીધેલ છે. તેઓએ બી તેમજ સી પ્રમાણપત્રની ખૂબ સરસ તૈયારીઓ પણ કરેલ છે. કોરોનાની મહામારીમાં સરકારશ્રી દ્વારા જાહેર કરેલ એસ.ઓ.પી.નું કોલેજમાં પાલન કરાવવામાં અને રાષ્ટ્રીય પર્વોની ઉજવણીમાં પણ એન.સી.સી. ના કેમ્પસમાં ભાગ લીધેલ છે તેમજ 'બી' સર્ટીફીકેટની પરીક્ષા પાસ કરેલ છે અને 'સી' સર્ટિફીકેટ પરીક્ષાની તૈયારીઓ કરે છે.

## ધ્વજવંદન કાર્યક્રમ

દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ સમગ્ર ગુજરાત લો સોસાયટી (જી.એલ.એસ.) સંચાલિત વિવિધ સંસ્થાઓનો આપણાં દેશમાં ૭૫ માં આઝાદી દિવસ નિમિત્તે (આઝાદીકા અમૃત મહોત્સવ) ધ્વજ વંદન કાર્યક્રમ ૧૫ ઓગસ્ટના રોજ સવારે ૦૯-૩૦ કલાકે સિટી કોલેજ કેમપસ ખાતે યોજાયેલ હતો. સ્વાતંત્ર દિનની ઉજવણીનાં કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત લો સોસાયટીનાં એક્ઝીક્યુટીવ વાઇસ પ્રેસિડેન્ટ શ્રી સુધીરભાઈ નાણાવટી સાહેબશ્રીના અધ્યક્ષ પદે યોજાયેલ હતો જેમના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ.

ધ્વજવંદનના આ કાર્યક્રમમાં જીએલએસ યુવિર્સિટીનાં પ્રો-વોસ્ટ તેમાં જ જીએલએસના રજીસ્ટ્રાર પ્રિ. ડૉ. બી.એચ. જોશી અને વિવિધ સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ પણ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ. સ્વાગત પ્રવચન પ્રન. ડૉ. કે. બી. ચોથાણી સાહેબે કરેલ જયારે ધ્વજનું સંચાલન ડૉ. એ. જે. પરમાર અને એન.સી.સી. કેડેટે કરે.

## વિવિધ દિવસોની ઉજવણી

| | |
|---|---|
| ૧. બ્લેક એન્ડ વ્હાઈટ ડે અને સિગ્નેચર ડે | તા. ૨૭/૦૧/૨૦૨૩ |
| ૨. ટ્રેડીશનલ ડે અને ગરબા | તા. ૨૮/૦૧/૨૦૨૩ |

કોલેજ દ્વારા ઉપરોક્ત વિવિધ ડેઝનું આયોજન કરવામાં આવેલ જેમાં વિદ્યાર્થીઓએ સારી સંખ્યામાં ભાગ લીધેલ. વિદ્યાર્થીઓ દ્વારા પણ સારો સહકાર મળેલ છે. ટ્રેડીશનલ ડેમાં પ્રથમ ત્રણ સ્પર્ધકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજ કર્મચારીઓએ પણ સારો સહકાર આપેલ છે.

## વિશ્વ યોગ દિવસની ઉજવણી

સમગ્ર વિશ્વમાં તા. ૨૧/૦૬/૨૦૨૨ ને મંગળવાર ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિન ની જુદા જુદા કાર્યક્રમ યોજીને ઉત્સાહપૂર્વક ઉજવણી કવામાં આવેલી હતી. આપણી કોલેજમાં પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓએ સવારે કોલેજનાં ધાબા પર જઈને સૌ પ્રથમ પ્રાર્થના કરી, હળવી કસરતો કરેલ. ત્યાર બાદ વિવિધ આસનો જેવા કે પ્રાણાયામ, ધ્યાન, કપાલભાતી, વજ્રાસન, ભદ્રાસન, તાડાસન, વૃકશાસન, ત્રિકોણસન, સૂર્યનમસ્કાર જેવા આશનો કરેલ, રીલેકશન માટે હળવો વ્યાયામ, ધ્યાન તેમજ સવાસન કરેલ છે. કર્મચારીઓએ યોગ દ્વારા થતા ફાયદાઓની

પણ વિસ્તૃત ચર્ચા કરેલ. સૌ માટે યોગ (કસરત) એક આશાનું કિરણ સાબિત થયેલ છે. યોગ દ્વારા શારીરિક તેમજ માનસિક સજ્જતા કેળવાય છે. યોગ આપણને નકારાત્મકતાથી સર્જનાત્મકતા સુધી લઈ જાય છે તેમજ શોકથી ઉમંગ અને આનંદ સુધી લઈ જાય છે.

## રમત ગમત નો અહેવાલ

ગુજરાત યુનિવર્સિટી લોકલ સ્પોર્ટ્સ કમિટી દ્વારા આયોજિત વિવિધ આંતર કોલેજ સ્પર્ધાઓ જેવી કે ચેસ, રાઈફલ શૂટિંગ, કબડ્ડી, વેઈટ લિફ્ટિંગ, પાવર લિફ્ટિંગ, ક્રોસ કન્ટ્રી, બેસ્ટ ફીઝીક, ખો-ખો, ખેલકૂદ રમતોત્સવ, બેડમિન્ટનમાં આપણી કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સંતોષકારક દેખાવ કર્યો હતો. જ્યારે જે સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ નોંધપાત્ર દેખાવ કર્યો હતો. તેમાં,

1. ચેસ – શેખ સોહિલ આઈ., એમ.કોમ સેમે. - 3 ના વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટી લોકલ સ્પોર્ટસ કમિટીની સ્પર્ધામાં બીજો નંબર મેળવેલ છે અને ગુજરાત યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામીને ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં રમવા ગયેલ છે.
2. ખો-ખો (બહેનો) – પરમાર એકતા બી., બી.કોમ સેમે. - 3 ની વિદ્યાર્થીની ગુજરાત યુનિવર્સિટી લોકલ સ્પોર્ટસ કમિટીની સ્પર્ધામાં સારો દેખાવ કરી ગુજરાત યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામીને ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં રમવા ગયેલ છે.
3. ખો-ખો (ભાઈઓ) – ગોસલીયા કેનીલ ડી., બી.કોમ સેમે. - 5 ના વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટી લોકલ સ્પોર્ટસ કમિટીની સ્પર્ધામાં સારો દેખાવ કરી ગુજરાત યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામીને ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં રમવા ગયેલ છે.
4. પાવર લિફ્ટીંગ – અન્સારી મો. હુસબાન એસ., બી.કોમસેમે. - 5 ના વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટી લોકલ સ્પોર્ટસ કમિટીની પાવર લિફ્ટીંગની ૮૩ કિગ્રા સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.
5. શેખ સોહિલ આઈ., એમ.કોમ સેમે. - 3 ફર્સ્ટ પૂર્ણ ઓપન બીલો ૨૦૦૦ ફિડે રેટિંગ ચેસ ચેમ્પિયનશિપનું ટાઈટલ જીતેલ છે. સોહિલને એક લાખ રૂપિયાનું નકદ પુરસ્કાર તથા ટ્રોફી એનાયત કરવામાં આવેલ છે.
6. જોયા અજય એમ., એસ.વાય. બી.કોમ ઓપન ઈન્ટરનેશનલ ટાઈક્વોન્ડો કોમ્પિટિશન ગોવા ખાતે યોજાયેલ જેમાં ૫૪ કિ.ગ્રા.ની ફાઈનલ સ્પર્ધા અજય અને નેપાળી ખેલાડી વચ્ચે યોજાયેલ હતી જેમાં અજય વિજેતા બનતા તેને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજીત કેમ્પ અને વાર્ષિક રમોત્સવમાં પણ ભાગ લીધેલ છે.
7. ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજીત વિવિધ કેમ્પ – આપણી યુનિવર્સિટી દ્વારા (૧) હિમાલયા માઉન્ટેનિયરિંગ (૨) બેઝિક માઉન્ટેનિયરિંગ (૩) એડવાન્સ માઉન્ટેનિયરિંગ (૪) મરીન (૫) ફોરેસ્ટ કેમ્પ (૬) ડેઝર્ટ કેમ્પ. આ તમામ વિવિધ કેમ્પ્સમાં આપણી કોલેજના વિદ્યાર્થી ભાઈઓ-બહનોએ ભાગ લીધેલ છે.
8. વાર્ષિક રમોત્સવ – આપણી કોલેજનો વાર્ષિક રમોત્સવ તા. ૨૪-૦૨-૨૦૨૩ ને શુક્રવારે ગુજરાત યુનિવર્સિટીના સિન્થેટિક ટ્રેક ઉપર યોજાયેલ હતો જેમાં ભાઈઓના ગ્રુપમાં કુરીલ બિપીન બી. ચેમ્પિયન બનેલ છે. જ્યારે બહેનોના ગ્રુપમાં વર્મા આરાધના આઈ. ચેમ્પિયન બનેલ છે.

**શૈક્ષણિક મુલાકાત :**

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે એસ. ડી. સ્કૂલ ઓફ કોમર્સ, ગુજરાત યુનિવર્સિટી દ્વારા બનાવવામાં આવેલ, 'કૌટિલ્ય મ્યુઝિયમ ઓફ એકાઉન્ટસી'ની મુલાકાતનું કોલેજનાં વિદ્યાર્થીઓ માટે આયોજન કરવામાં આવેલ, જે અંતર્ગત કોલેજનાં પ્રા. ડૉ. નિલય પંચાલનાં માર્ગદર્શન હેઠળ આપણી કોલેજનાં ટી.વાય. બી.કોમના ૨૫ વિદ્યાર્થીઓએ મ્યુઝિયમની મુલાકાત લીધી હતી.

## સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા

ગુજરાત સરકારના તા. ૨૨/૦૧/૨૦૦૯ નાં પરિપત્ર મુજબ સ્વર્ણિમ ગુજરાત સપ્તધારાની વિવિધ ધારાઓની ઉજવણીનું આયોજન કરવા માટે તા. ૦૯/૦૮/૨૦૨૧ ને ગુરૂવારના રોજ સવારે ૧૦-૩૦ કલાકે આચાર્યશ્રીની ચેમ્બરમાં એક મિટીંગનું આયોજન કરવામાં આવેલ જેમાં નીચે જણાવ્યા પ્રમાણે સપ્તધારાના પ્રો. ઈન-ચાર્જ શ્રીઓ હાજર રહેલ.

| | |
|---|---|
| ૧. પ્રિ. ડૉ. એસ. કે. ત્રિવેદી સાહેબ | અધ્યક્ષશ્રી |
| ૨. પ્રો. ડૉ. એ. જે. પરમાર | સંયોજક |
| ૩. પ્રો. એમ. એસ. વસાવા | સહ-સંયોજક |
| **સપ્તધારાનું નામ** | **પ્રો. ઈન-ચાર્જ** |
| (ક) જ્ઞાનધારા | ડૉ. એમ. એચ. મૈસુરીયા |
| (ખ) સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા | ડૉ. પી. કે. ભટ્ટ |
| (ગ) કલા - કૌશલ્ય ધારા | ડૉ. બી. એલ. શુકલ |
| (ઘ) નાટ્ય ધારા | ડૉ. પી. ટી. જરીવાલા |
| (ચ) ગીત - સંગીત ધારા | ડૉ. એચ. એમ. જોશી |
| (છ) વ્યાયામ, યોગ ખેલકૂદ ધારા | ડૉ. એ. જે. પરમાર |
| (જ) સામુદાયિક ધારા | પ્રો. એમ. એસ. વસાવા |

જેમાં સરકારશ્રીનાં પરિપત્ર મુજબ શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા હાલમાં ચાલી રહેલા 'આઝાદી કા અમૃત મહોત્સવ' (૭૫ વર્ષ) અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું જેમકે ૧. વિશ્વ યોગ દિવસનું આયોજન કરવું ૨. રાષ્ટ્રગાન ૩. ફીટ ઇન્ડિયા ફ્રીડમ-રન-૨ ૪. સેલ્ફ ડિફેન્સ અને અન્ય.

## સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

**ડૉ. દિપા ટાંક, ડૉ. સંદીપ બ્રહ્મભટ્ટ, ડૉ. બીના શુક્લ**

### • Gujarat Gyan Guru Quiz Competition

Tha competition was arranged for the students of schools and colleges from 7th September 2022 for 75 days by Education Department. This competition was divided in in three stages. (1) Taluka and Ward Level Competition. (2) District and Mahanagarpalika Level Competition and (3) State Level Competition. 14 Students of our college participated in the first level competition. They were awarded with the certificates.

Following students participated :

| | |
|---|---|
| 1. Memon Muskan M. | Semester - 3 |
| 2. Tharadwala Nahirah G. | Semester - 3 |
| 3. Pol Snehal R. | Semester - 3 |
| 4. Nagari Mehfuza Mo. Javed | Semester - 3 |
| 5. Parmar Karishma K. | Semester - 5 |
| 6. Rathod Jinal H. | Semester - 5 |
| 7. Panchal Jinal S. | Semester - 5 |

| | |
|---|---|
| 8. Modi Het P. | Semester - 5 |
| 9. Rana Raj D. | Semester - 5 |
| 10. Suthar Vivek M. | Semester - 5 |
| 11. Prajapati Dhananjay N. | Semester - 3 |
| 12. Trivedi Svayam M. | Semester - 3 |
| 13. Chaubey Anuj K. | Semester - 3 |
| 14. Prajapati Pravin S. | Semester - 3 |

## • Gujarat University Youth Festival :

During the current academic year. the Youth Festival was organized by Gujarat University in September 2022. The City Zone Youth festival was hosted by Dr. Urmilaben Chimanbhai Patel Arts & Commerce College, Ahmedabad. Various activities for Music, Dance, Literary Events, Theatre Events and Fine Arts related activities were selected for the competition. 9 students participated in competitions like Quiz, Elocution, Debate, Mehendi, Poster Making. On the Spot Painting, Cartooning, Mimicry, Poetry competition and Western Vocal Solo. The students performed well and were awarded participation certificates.

## • Nationwide Quiz Competition :

A Nationwide Quiz Competition was organized by Gujarat University on 27th June 2022. 'Anvesha 2022'. In this competition two students participated and were given certificates.

The following two students participated :

| | |
|---|---|
| 1. Pal Snehal R. | Semester - 3 |
| 2. Mirza Moina S. | Semester - 3 |

## • Quiz Competition : Azadi Ka Amrut Mahotsav :

A quiz competition was organized by our college under Azadi Ka Amrut Mahotsav on 20th June 2022. In this competition, 10 students participated and two students were declared winners.

The following students were declared winners :

| | |
|---|---|
| First : Pal Snehal | Semester - 3 |
| Second : Mirza Moina | Semester - 3 |

## • Inter Class Mehendi Competition :

An Inter Class Mehendi Competition was organized by our college on 6th August 2022. Total 5 girls participated in the competition. This competition was specially organized to encourage girls to participated in art related activity. The following two girls were winners :

| | |
|---|---|
| First : Panchal Bhumi P. | Semester - 3 |
| Second : Rathod Dishali V. | Semester - 3 |

## • Inter college Elocution Competition by Gujarat Vidhyapith Yuvak Vikas trust :

On 30th January 2023, an alocution competition was organized by Gujarat Vidhyapith and Yuvak Vikas Trust on the occation of "Gandhi Nirwan Din".

The following students took part in the competion on the topic - "The Solution to Current Problems is – "Following Gandhian Thought / Path".

| | |
|---|---|
| 1) Yadav Anshika R. | Sem - 2 |
| 2) Chavla Preeti N. | Sem - 2 |
| 3) Pal Snehal | Sem - 4 |
| 4) Rana Raj Dipakbhai | Sem - 6 |

## • Inter college Elocution Competition by Vivekanand College of Education :

On 19th January 2023, an Inter College elocution competition was organized by Shree Vivekanand College of Education in which one of our student participated and was given certificate.

| | |
|---|---|
| 1) Pal Snehal R. | Sem - 4 |

## • Inter class Quiz Competition "Save Environment" :

On 27th January 2023, our college organized an inter class quiz competition on "Save Environment"

Total 30 students took part in the competition. Following students were selected for their best performance and got cash prices and certificate.

| | | | |
|---|---|---|---|
| First | : | Jadav Khushi S. | Sem - 6 |
| Second | : | Rana Raj Dipakbhai | Sem - 6 |
| Third | : | Chawla Preeti N. | Sem - 2 |

## • Inter class Painting / Drawing Competition "Save Environment" :

Inter class Painting / Drawing competition on "Save Environment" was organized by our college. Total 20 students participated out of which following declared as winners and were given cash and certificates :

**Boys**

| | | | |
|---|---|---|---|
| First | : | Ranan Raj Dipakbhai | Sem - 6 |
| Second | : | Ganchi Kumil Z. | Sem - 6 |
| Third | : | Mundhava Chetanya H. | Sem - 2 |

**Girls**

| | | | |
|---|---|---|---|
| First | : | Jariwala Aaaryanbanu | Sem - 6 |
| Second | : | Lakhtriya Krupali | Sem - 6 |
| Third | : | Rathod Rashni G. | Sem - 6 |

- **Traditional Day Competition:**

During the celebration of days, on 28th January 2023, Traditional day competition was arranged. The competition was mainly based on dresses or sarees with ornaments and the perfection according to the wear. The following girls were selected and were awarded with certificates.

| | | | |
|---|---|---|---|
| First | : | Chawla Priti N. | Sem-2 |
| Second | : | Pathan Tayba A. | Sem-2 |
| Third | : | Patni Payal N. | Sem-2 |

## ગ્રંથાલય અહેવાલ

**ડૉ. એમ. એચ. મૈસુરીયા, શ્રી ગણપતભાઈ ચૌહાણ**

ભારતનાં પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુ એ કહ્યું છે ''શિક્ષણનાં મુખ્યત્વે બે હેતુ છે એક સાંસ્કૃતિક જે વ્યક્તિત્વ વિકાસ કરે અને બીજો ગુણાત્મક હેતુ જે માણસને શું કરવું તેની શક્તિ અને સમજ આપે છે. આ બંને હેતુઓ માનવજીવનનો આધારસ્તંભ છે.'' શૈક્ષણિક સંસ્થાઓનાં બધા કાર્યોના છેવટનો હેતુ વિદ્યાર્થીનાં સાંસ્કૃતિક અને ગુણાત્મક પાસાંઓનો વિકાસ કરવાનો છે. રાષ્ટ્રનાં આ ઉમદા હેતુ ને સિદ્ધ કરવાનો કર્મયોગમાં ભાગીદાર થવા ગુજરાત લો સોસાયટી દ્વારા અમદાવાદનું હૃદય ગણાતા લાલ દરવાજા વિસ્તારમાં સિટી સી. યુ. શાહ કોલેજની સ્થાપના કરી.

કોલેજ તેનાં સ્થાપના વર્ષ 1966 થી આ કાર્ય ખૂબ જ મહેનત અને ખંત પૂર્વક કરી રહી છે. શિક્ષણ ક્ષેત્રે પોતાની ક્ષિતિજો વિસ્તારવાના હેતુસર ગ્રંથાલયની સ્થાપના પણ 1966 થી જ કરવામાં આવી હતી. કોલેજનાં વિકાસમાં સહભાગી બનેલા આ ગ્રંથાલયે પોતાની એક વિશિષ્ઠ છાપ ઊભી કરી છે. આ ગ્રંથાલયનો ગ્રંથ ભંડાર વિવિધ અનુદાન સભર છે.

### ગ્રંથાલયનો ગ્રંથ ભંડાર

| વિગત | 2021-22 વર્ષનાં ગ્રંથ | ગત વર્ષનાં ગ્રંથ (2021-22) | નવાં ખરીદેલ (2022-23) | કુલ ગ્રંથ |
|---|---|---|---|---|
| સામાન્ય યોજના | 20059 | 0 | 770 | 20829 |
| યુ.જી.સી. યોજના | 11588 | 0 | 0 | 11588 |
| બુકબેન્ક યોજના | 1993 | 0 | 0 | 1993 |
| પી.જી. યોજના | 2881 | 20 | 0 | 2901 |
| **કુલ** | **36521** | **20** | **770** | **37311** |

આ ગ્રંથાલયના ગ્રંથ ભંડારમાં જ્ઞાન વિશ્વમાં સમાયેલ બધાંજ વિષયોને સમાવી લેવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જેમાં વિષયલક્ષી ગ્રંથ સિવાય સામાન્ય જ્ઞાન, વ્યક્તિ વિકાસ, તત્વજ્ઞાન, ધર્મશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, કૉમ્પ્યુટર, સાહિત્ય, ઈતિહાસ અને ભૂગોળ તથા જીવનચરિત્ર વગેરે વિષયનાં પુસ્તકોની સંખ્યા નોંધપાત્ર છે. આ ઉપરાંત ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા બહાર પડાતા રિપોર્ટ, રિઝર્વ બેંકના રિપોર્ટ, વસ્તી ગણતરી ડેટા અહેવાલ વગેરેનો પણ નિયમિતરૂપે સમાવેશ કરવામાં આવે છે.

પુસ્તકો સિવાયનાં આશરે 34 જેટલાં સામયિકો મંગાવવમાં આવે છે. જેમાં મેગેઝીન તથા જર્નલસનો સમાવેશ થાય છે. આજનાં સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ તથા સ્વરોજગારલક્ષી માહિતી પ્રાપ્ત થાય તે હેતુસર રોજગાર, સામાન્ય જ્ઞાન તથા વિવિધ સ્પર્ધાત્મક પરિક્ષાને લગતાં સામયિકો પણ મંગાવવામાં આવે છે. આ સિવાય રોજબરોજની ઘટનાઓ તથા સાંપ્રત પ્રવાહોથી વિદ્યાર્થીઓ તથા શિક્ષણગણ માહિતગાર રહે તે માટે અંગ્રેજી અને ગુજરાતી ભાષાના દૈનિકપત્રો પણ મંગાવવામાં આવે છે.

વિદ્યાર્થીઓમાં ચારિત્ર નિર્માણ, નેતૃત્વ વિકાસનાં ગુણો ખીલે તથા તેમનાં સામાન્ય જ્ઞાનકોષ, શબ્દકોષ, જ્ઞાનસંહિતા, વાર્ષિકીઓ, ભૌગોલિક સ્રોતા, સંસ્થાકીય અહેવાલો, જીવન ચરિત્રાત્મક સ્રોતો જેવાં સંદર્ભગ્રંથો પણ વસાવવામાં આવ્યા છે. જેના ઉપયોગ વિશેની માહિતી ગ્રંથપાલ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન કોલેજ દ્વારા યોજાતી વિવિધ સ્પર્ધાઓ તથા કોલેજ સિવાયની અન્ય હરિફાઈઓ તથા પરીક્ષાઓની તૈયારી માટે આ વાંચન સામગ્રી દિશારૂપ બને છે.

આ ગ્રંથલાયને સ્વ-સંચાલિત કરવા માટે યુ. જી. સી. સંચાલિત ઈન્ફિલબનેટ દ્વારા તૈયાર કરવામાં આવેલ SOUL 2.0 સોફ્ટવેરનો ઉપયોગ થાય છે. જેની મદદથી પુસ્તકોના અધિકરણોનું આધુનિકરણ કરવામાં આવ્યું છે. ગ્રંથાલયની મહદ કાર્યવિધિ પણ સોફ્ટવેરની મદદથી થાય છે.

અત્રે એ નોંધનીય છે કે કોલેજમાં વિદ્યાર્થીઓની આઈટી ક્ષેત્રની જાગૃતતા અનવ્યે ઈન્ટરનેટ સુવિધાનો લાભ લેતા હોય તે સમયે તેના દુર ઉપયોગ ન કરે તેની તકેદારી પણ રાખવામાં આવે છે. અત્રે એ નોંધનીય છે કે કોલેજમાં ઈન્ટરનેટ સુવિધા મફત આપવામાં આવે છે.

આ ઉપરાંત M.B.A., M.C.A., C.A., C ICWA, TOFEL, IELTS જેવા વ્યવસાયિક અભ્યાસક્રમો માટેની તૈયારી અર્થે પણ અહીં વિશિષ્ટ પુસ્તકો તથા વાંચન સામગ્રી પૂરી પાડવામાં આવે છે.

આ કોલેજમાં મોટાભાગના વિદ્યાર્થીઓ મધ્યમ તથા નિમ્ન વર્ગના પરિવારમાંથી આવે છે. આવા વિદ્યાર્થીઓને અભ્યાસમાં સહાય રૂપ થવા વિદ્યાર્થીના શૈક્ષણિક પરિણામ તથા તેની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી કોલેજ દ્વારા બુકબેંક યોજના હેઠળ શક્ય તેટલાં અભ્યાલક્ષી પુસ્તકો પૂરા પાડવામાં આવે છે. ચાલુ વર્ષ દરમ્યાન આ યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થીઓની વિગત નીચે મુજબ છે :

| વિગત | વિદ્યાર્થીઓની સંખ્યા | મેળવેલ પુસ્તકો |
|---|---|---|
| F.Y. B.COM. (SEM - 1 & 2) | 80 | 500 |
| S.Y. B.COM. (SEM - 3 & 4) | 100 | 670 |
| T.Y. B.COM. (SEM - 5 & 6) | 94 | 590 |
| M.COM. (SEM - 1, 2, 3, & 4) | 11 | 22 |

આ ગ્રંથાલયમાં અભ્યાસક્રમને અનુલક્ષતા પુસ્તકોની ખરીદી માટે અધ્યાપકોની કમિટિ બનાવવામાં આવેલ છે. તેઓ વિદ્યાર્થીઓની અભ્યાસરૂપી, તેમની કાર્યક્ષમતા અને તેમની વર્તમાન પ્રવાહને અનુલક્ષી જરૂરીયાત અને ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખી પુસ્તક પસંદગી કરે છે. આમ સમગ્ર વર્ષ દરમિયાન કોલેજના સમયમાં ગ્રંથાલય વિદ્યાર્થીઓથી ભરચક રહે છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં ગ્રંથાલય મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

## રાષ્ટ્રીય સેવા યોજના

**પ્રો. ડૉ. સંદિપ બ્રહ્મભટ્ટ**

- **સ્થાપના :** રાષ્ટ્રીય સેવા યોજનાની સ્થાપના વર્ષ ૨૦૦૬-૨૦૦૭ થી કરવામાં આવી. આ યોજનાનો હેતુ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર ભાવના જાગૃત કરવી, ભાઈચારાની ભાવના વિકસાવવી, સુષુપ્ત શક્તિઓ બહાર લાવવી, સામાજિક જવાબદારી પ્રત્યે જાગૃતિ લાવવાના આશયથી આ કામગીરી શરુ કરવામાં આવી. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં કુલ ૧૧૨ વિદ્યાર્થીઓની એન. એસ. એસ. માં નોંધણી કરવામાં આવી છે.

- **વિશ્વ યોગ ડે :** તા. 21-06-2022ને મંગળવારના રોજ વિશ્વ યોગ ડે ઉજવાયો હતો. જેમાં NSS, અને કોલેજના 100 જેટલા વિદ્યાર્થીઓ અને કોલેજ સ્ટાફે હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

- **નિબંધ સ્પર્ધા :** તા. 4-8-2022 ને ગુરૂવારના રોજ "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત તિરંગાના મહત્ત્વ પર એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના 46 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે NSS ના પ્રોગ્રામ ઓફિસર સંદીપ બ્રહ્મભટ્ટ એ વિદ્યાર્થીઓને તિરંગાનું માન સન્માન જળવાઈ રહે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું અને કોલેજના પ્રો. એમ. એસ. વસાવા સાહેબએ વિદ્યાર્થીઓને તિરંગાના માન સન્માન અંગે સંકલ્પ લેવડાવ્યા હતા કે તિરંગો ગમે ત્યાં ના ફેંકવો, તિરંગો ઘર પર કે દુકાન પર કેવી રીતે લગાવવો, તેનું અપમાન ન કરવું તે અંગે સંકલ્પ લેવડાવ્યા હતાં.

- **ગીત સ્પર્ધા :** તા. 6-8-2022 ને શનિવારના રોજ કોલેજના રૂમ નંબર 16 માં તિરંગાને લગતા ગીતો ગાવાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં NSS અને કોલેજના કુલ 40 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા તિરંગાને લગતા જુદા જુદા ગીતો ગાવામાં આવ્યા હતા. જેમાંથી 3 વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

- **ચિત્ર સ્પર્ધા :** સિટી સી.યુ. શાહ કોમર્સ કોલેજ ખાતે 10-8-2022ને બુધવારના રોજ "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત તિરંગા અંગેની ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના 12 જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતા. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એસ. કે. ત્રિવેદી સાહેબે રાષ્ટ્ર ધ્વજ અને રાષ્ટ્ર ધ્વજના પ્રતિકો વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી.

- **વૃક્ષારોપણ :** વિદ્યાર્થીઓ દ્વારા તા. 12-8-2022 ને શુક્રવારના રોજ મહેમદાવાદ તાલુકાના નેનપુર ગામની પ્રમુખસ્વામી વિનય મંદિર હાઈ સ્કુલના મેદાનમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં જુદા જુદા 75 જેટલા છોડ વાવીને આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી હતી. જેમાં કોલેજ અને સ્કુલના 35 જેલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. NSS ના પ્રોગ્રામઓફિસર પ્રો. ડૉ. સંદીપ બ્રહ્મભટ્ટએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને વિદ્યાર્થીઓને છોડની જાળવણી અને માવજત અંગે માર્ગદર્શન પુરુ પાડયું હતું.

- **તિરંગા યાત્રા :** વિદ્યાર્થીઓ દ્વારા તા. 13-8-2022 ને શનિવારના રોજ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્ર ધ્વજ તેમજ રાષ્ટ્ર ધ્વજના ઈતિહાસના ચાર્ટ તથા બેનરો સાથે તિરંગાની યાત્રા

સિટી સી. યુ. શાહ કોલેજથી એલિસબ્રિજ સુધી કાઢવામાં આવેલી જેમાં દુકાનો, હોટલો તથા ઘરો પર વિદ્યાર્થીઓ દ્વારા તિરંગા લગાવ્યામાં આવ્યા હતાં. તિરંગા યાત્રામાં કોલેજના 300 જેટલાં વિદ્યાર્થીઓ અને સંસ્થાના 25 જેટલા અધ્યાપકો અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

- **15 ઓગષ્ટ :** સંસ્થામાં ધ્વજ વંદનનો રાષ્ટ્રીય કાર્યક્રમ સંસ્થાના મેદાન ઉપર તેમજ ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજવામાં આવેલ હતો. યુનિવર્સિટી ખાતે ૧૫ વિદ્યાર્થીઓને કોલેજમાંથી મોકલી આપવામાં આવેલ હતા. કોલેજ ખાતે યોજાયેલ ધ્વંજ વંદન કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.
- **NSS P.O. :** સેમીનાર તા. 24-8-2022ના રોજ ગાંધીનગરના સુઘડ ખાતે NSS P.O. નો સેમીનાર યોજવામાં આવ્યો હતો. કોલેજના NSS ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. સંદિપ બ્રહ્મભટ્ટ સાહેબે હાજરી આપી હતી.
- **બ્લડ ડોનેશન કેમ્પ :** તા. 9-2-2023 ને મંગળવારના રોજ સિટી કોલેજ કેમ્પસમાં ગુજરાત લૉ સોસાયટી અને ઈન્ડિયન રેડ ક્રેસ સોસાયટી ના ઉપક્રમે એક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં 23 વિદ્યાર્થીઓએ પોતાનું બ્લડ ડોનેટ કરી શકેલ, કુલ 44 વિદ્યાર્થીઓ બ્લડ ડોનેટ કરવા ઉપસ્થિત રહેલ પરંતુ અંડરએજ અને વજન ઓછું હોવાના કારણે તેમાંથી 23 વિદ્યાર્થીઓ જ બ્લડ ડોનેટ કરી શકેલ, ગુજરાત લૉ સોસાયટી દ્વારા બ્લડ ડોનેટ કરનાર દરેક વિદ્યાર્થીને પાણીની બોટલ ઈનામ સ્વરૂપે આપેલ.
- **શિક્ષક દિવસની ઉજવણી :** તા. 05 સપ્ટેમ્બર, 2022 ને સોમવારના રોજ કોલેજ ખાતે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવેલ જેમાં કુલ 24 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી નીચેના ત્રણ વિદ્યાર્થીઓને  એક થી ત્રણ સુધીના ક્રમ આપવામાં આવેલ.

| | | |
|---|---|---|
| a. રાણા રાજ | સેમ - ૫ | ટી.વાય. બી.કોમ. |
| b. ચાવલા પ્રીતિ એન. | સેમ - ૧ | એફ.વાય. બી.કોમ. |
| c. મોદી હેત પી. | સેમ - ૫ | ટી.વાય.બી.કોમ. |

- **કોલેજ કેમ્પસ સફાઈ :** કોલેજના વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતતા લાવવા માટે તેમજ 'જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા' નો મંત્ર સમજાવવા માટે કોલેજમા એક સ્વચ્છતાનું કાર્યક્રમનું સપ્ટેમ્બર માસમાં આયોજન કરવામાં આવેલ જેમાં કોલેજના 35 સ્વયંસેવકોએ ભાગ લીધેલ. આ કાર્યક્રમમાં સમગ્ર કેમ્પસની સાફસફાઈ કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજ ના એન.એસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. સંદિપ બ્રહ્મભટ્ટની દેખરેખ હેઠળ કરવામાં આવેલ.
- **NSS ANNUAL CAMP :** એન.એન.એસ. ની વાર્ષિક શિબિર તા. ૪-૧-૨૦૨૩ના રોજ મહેમદાવાદ તાલુકાના નેનપુર ગામે એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર યોજાઈ ગઈ જેમાં ૪૫ જેટલા સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. શિબિર દરમ્યાન શેરી નાટકો, વ્યસનમુક્તિ, અંધ શ્રદ્ધાનિયંત્રણ, વેશભૂષા, મેડિકલ કેમ્પ, સ્વછતા અભિયાન, ગરબા વગેરે જેવા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

## Collegiate Women's Development Cell

**Prof. Kshiti Bhatt & Dr. Deepa Tank**

### Essay & Warli Painting Competition

The CWDC of City C. U. Shah Commerce College, organised an essay competition on

the topic of "Best Women Achievers of India" on 6 th September, 2022. The Aim of this Activity was to create and develop awareness in students about the dedicated contribution by women of the country in all walks of life. 17 students participated in this activity. Their expression were in English, Hindi and Gujarati. Prof. Kshipra Purani from L & C. Mehta Arts College was gracious to be the judge for this competition. Ms. Hetal Parmar, Ms. Saubabanu Bhadbhuja and Ms. Anshika Yadav secured first, second and third position respectively. This activity was coordinated by Prof. Kshiti Bhatt and Dr. Alpa Thaker.

CWDC organised a workshop for girls on Warli painting on 19-01-2023, 26 students participated in this workshop. A resource person Ms. Zankhna, in association with Pidilite Industry gave her guidance to the students. The students were provided material for this workshop by the college. This skill development activity was persuaded by the students with interest, The incharge professor, Prof. Kshiti Bhatt and Dr. Gargi Patel organized this activity successfully.

## જી. એલ. એસ. વોઈસ

**ડૉ. દિપા ટાંક, ડૉ. પુલિન ભટ્ટ**

જી. એલ. એસ. વોઈસ એ એક અનોખી પરંપરા છે જેમાં સમગ્ર પરિવારનાં સભ્યોએ વર્ષ દરમ્યાન કરેલ પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવે છે. તેમાં પ્રિન્સિપાલ, અધ્યાપકો, સ્કુલનાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા કરાયેલ વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવે છે. તેમાં સમગ્ર પરિવારના સભ્યોએ વર્ષ દરમ્યાન કરેલી પ્રવૃત્તિઓની વિગતો, માહિતીપૂર્ણ લેખો, અમદાવાદમાં મળતા રસમધુર વ્યંજનો પિરસ્તી વિવિધ રેસ્ટોરાં વગેરે બધા જ રસનાં વિષયોને આવરી લેતું અનોખું પગલું છે.

પરિવારની વિવિધ સ્કુલો, કોલેજોનાં વિદ્યાર્થીઓની સ્વરચિત રચનાઓ, વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિઓનાં પોટાગ્રાફ્સ, વિવિધ સેમિનાર, આયોજિત પ્રોગ્રામોમાં પધારેલ હસ્તિઓનાં ઈન્ટરવ્યુ, આપણા સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતા તહેવારોની ભારતીય પરંપરા, વગેરે અનેક પ્રકારની અતિ રસપ્રદ માહિતી તેમાં આપવામાં આવે છે. હવે તો ફક્ત એક જ ક્લિકથી સમગ્ર વિશ્વનો કોઈ પણ દેશમાં ઓનલાઈન વાંચી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરી શકાય એવી સુવિધા ઉપલબ્ધ કરી છે.

## Placement Cell and Udisha

**Dr. K. B. Gelda.**

વિદ્યાર્થીઓને તેમનાં કારકિર્દી માટે યાગ્ય માર્ગદર્શન મળી રહે અને નોકરીની તક મળે વર્ષથી આપણી કોલેજમાં 15 તે માટે છેલ્લા Placement Cell કાર્યરત છે જેનું સંચાલન ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ડૉ. સંદીપ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવે છે. કલ્પેશ ગેલડા, અને ડૉ. ગુજરાત સરકાર દ્વારા તા. 15-03-2023 ના રોજ આયોજિત થયેલ Mega Placement Fair માં આપણી કોલેજના 56 વિદ્યાર્થીઓએ જોબ માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

## COMMERCE LAB

With a vision of actual picture and practical aspects of outer world, our college has established a new concept "COMMERCE LAB". The experienced and professional faculty members of our college has given shape to this lab., which we consider is quite unique of its kind and may be the first of its kind in whole of Gujarat. It is almost like entering the vitual world of Commerce.

## યુથ એમ્પાવરમેન્ટ કમિટી

**Dr. K. B. Gelda, Dr. P. K. Bhatt, Dr. N. V. Panchal**

ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન જુદા જુદા ક્ષેત્રના વ્યાવસાયિક નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓ માટે ૦૭ કેરીઅર ગાઇડન્સ સેમિનારનું આયોજન કરવામાં આવેલ. આ તમામપ્રવૃત્તિઓ પુલિન ભટ્ટ, ડૉ. અલ્પા ઠાકર, તેમજ ડૉ. નિલય પંચાલની દેખરેખ હેઠળ કરવામાં આવેલ.

- ક્ષિતિજ વિવાન ઇન્સટીટયુટ દ્વારા એન્ટરટેઇનમેન્ટના ક્ષેત્રમાં કેરીઅર બનાવવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું
- ડયુન્સ એવિએશન એકેડેમી દ્વારા એવિએસનના ક્ષેત્રમાં નોકરીની તકો વિષે માહિતી આપવામાં આવી.
- એનવિઝન ઓવરસીઝ એજ્યુકેશન દ્વારા ફોરેન સ્ટડી માટે માર્ગદર્શન આપવામાં આવેલ.
- ટોપ ટેકનોલોજીસ દ્વારા એડવાન્સ ટેકનોલીઝીથી વદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા.
- વેદાંત એકેડેમી દ્વારા સીએમએ-કોસ્ટ મેનેજમેન્ટ એકાઉન્ટીંગના વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવેલ.
- આઈસીઆઈસીઆઈ ફાઉન્ડેશન દ્વારા ફાઇનાન્સિયલ લિટરસી એન્ડ અવેરનેસ નાં વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.
- સીપીઆરનાં સહયોગથી જીપીએસ હોસ્પિટલ (નરોડા) દ્વારા આયુષ્યમાન કાર્ડ અંગે માહિતી આપતા એક સેમિનારનું આયોજન કરેલ જેમાં શ્રી રામચંદ્ર રેવન્કા તથા ટ્રેનર તરીકે ધ્રુવ સકસેના હાજર રહેલ સાથે હીનાબેન નામ્બિયાર પણ હાજર રહેલ.

## પ્રિ. ટી.જે. રાણા ઓપન બુક કોમ્પિટીશન

**Dr. Alpa Thaker, Dr. Gargi Patel**

વિદ્યાર્થીઓમાં રહેલી બોદ્ધિક પ્રતિભાની ચકાસણી કરવા માટે એક એવી પદ્ધતિથી પરીક્ષા લેવામાં આવે છે કે જેમાં પુસ્તકો સાથે રાખીને પ્રશ્નોના જવાબ લખવાની વિદ્યાર્થીઓને તક આપવામાં આવે છે. ત્યાર બાદપ્રતિભાવંત વિદ્યાર્થીઓની શોધ કરી તેમનો VIVA ટેસ્ટ લેવામાં આવે છે. જે વિદ્યાર્થી લેખિત અને VIVA ટેસ્ટમાં પ્રથમક્રમે આવે તે વિદ્યાર્થીને રોકડ પુરસ્કાર, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે. પ્રથમઆવનાર વિદ્યાર્થી ની કોલેજને પ્રિ. ટી. જે. રાણા રનિંગ ટ્રોફી એક વર્ષ માટે એનાયત કરવામાં આવે છે. જ્યારે દ્વિતિય અને તૃતીય ક્રમે પાસ થનાર વિદ્યાર્થીને રોકડ ઈનામ, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં આ સ્પર્ધા ૨૮-૨-૨૦૨૩ ના રોજ યોજાઈ ગઈ, જેમાં H. L. College of Commerce ની વિદ્યાર્થીની કુ. દિવ્યા પ્રજાપતિ પ્રથમક્રમે ઉત્તીર્ણ થયેલ છે. પ્રિ. ટી. જે. રાણા ટ્રોફી એક વર્ષ માટે H. L. College of Commerce ને ફાળે જાય છે. આ સ્પર્ધાનું સંચાલન પ્રા. (ડૉ.) અલ્પા ઠાકર અને પ્રા. (ડૉ.) ગાર્ગી પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતું.

# સ્ટેટ લેવલ કોમર્સ આઇડોલ કોમ્પિટીશન

**Dr. Alpa Thaker, Dr. Gargi Patel**

વાજિય ક્ષેત્રે વિકાસની નવી ક્ષિતિજો હાસલ કરી તેમજ શહેરી વિસ્તારમાં વાણિજ્ય વિદ્યાશાખા તરફ ઉચ્ચ શિક્ષણનો વિદ્યાર્થીઓનો પ્રવાહ પણ સતત વધતો ગયો છે. ગુજરાત લો સોસાયટી સંચાલિત સી. યુ. શાહ સિટી કોમર્સ કોલેજ, અમદાવાદની મધ્યમાં આવેલ એક નામાંકિત કોલેજ છે. છેલ્લા 14 વર્ષથી આ કોલેજ રાજ્ય કક્ષાએ "Commerce Idol" સ્પર્ધા યોજે છે. ચાલુ વર્ષે આ સ્પર્ધા તા. ૨૩-૨-૨૦૨૩ નાં રોજ યોજાઈ ગઈ કે જેમાં સમગ્ર ગુજરાતની 6 યુનિવર્સિટીમાંથી 52 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધા ઓબ્જેકટીવ ટેસ્ટ, ગ્રુપ ડિસ્કશન અને પેરસોનેલ ઇન્ટરવ્યુ તેમ 3 તબક્કામાં યોજાઈ હતી.

પ્રિ. પી. ટી. જરીવાલા જણાવે છે કે, વિષય આધારિત આવી સ્પર્ધા વિદ્યાર્થીઓમાં રહેલી પોતાના ક્ષેત્રની સમજ તેમજ સમજાવવાની ક્ષમતાનું મુલ્યાંકન કરે છે. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. અરવિંદ દેવાણી, ડૉ. ડી. આર. રાસ્તે એ સેવાઓ આપી હતી. સ્પર્ધાના અંતે ગુજરાત "Commerce Idol" તરીકે Faculty of Commerce SMPIC, અમદાવાદના અભય ભટ્ટ, ફર્સ્ટ રનર્સ-અપ તરીકે H. A. College of Commerce અમદાવાદના વિષ્ણુ એ. બી. અને સેકન્ડ રનર્સ -અપ તરીકે Som Lalit College of Commerce અમદાવાદના ત્રિવેદી ધૈર્ય પસંદગી પામ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કો-ઓર્ડીનેટર ડૉ. એ. એ. ઠાકર અને કો-ઓર્ડીનેટર પ્રો. ડૉ. ગાર્ગી પટેલ દ્વારા અધ્યાક મિત્રો અને વહીવટી કર્મચારીઓની મદદથી કર્યું હતું. સ્પર્ધકો અને અધ્યાપકોએ આ સ્પર્ધાને બિરદાવી હતી.

• • •